Inward No. 5693
Registry Branch
G.W.S.S. BOARD
CAO
MS
Chairman

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

**મુખ્ય ઇજનેરશ્રીની કચેરી, ઝોન-૧,** "જલસેવા ભવન", ત્રીજો માળ, ગેરી કેમ્પસ, રેસકોર્ષ, વડોદરા-09

ફોન : ૯૯૭૮૪૪૧૧૦૭/૦૮ ફેકસ નં:- ૦૨૬૫-૨૩૩૩૦૯૧ Email : cezone1@gmail.com

9 OCT 2013

Technical Cell
G. W. S. S. B
Gandhinagar
In. No 4248
Date 9/10/13

જા.નં. પીબી/ઝોન-૧/જનરલ/ 4368 /

તા. 9-10-13

<u>પ રિ પ ત્ર</u>

વિષય : હેન્ડપંપ તથા મીની પાઇપ યોજના વસ્તીના ધોરણે હાથ ધરવા બાબત.

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં ૫૦ માણસોની વસ્તીએ ૧ હેન્ડપંપ તથા બીન આદિવાસી વિસ્તારમાં ૧૫૦ માણસોની વસ્તીએ ૧ હેન્ડપંપ અને આદિવાસી વિસ્તારમાં ૧૫૦ માણસોની વસ્તીએ ૧ મીની પાઇપ યોજના કરવામાં આવતી હોય છે.

પરંતુ હાલ મા. રાજય કક્ષાના મંત્રીશ્રીની જીલ્લાવાર સમીક્ષા બેઠકમાં જણાયેલ છે કે, ઉકત ધારાધોરણ મુજબ ઓછી વસ્તી હોવા છતાં જે તે ફળીયામાં હેન્ડપંપ / મીની પાઇપની કામગીરી કરવામાં આવે છે. અને ખરેખર જે ફળીયામાં હેન્ડપંપ કે મીની પાઇપ ની જરૂરીયાત છે ત્યાં પુરતા હેન્ડપંપ / મીની પાઇપ કરવામાં આવતી નથી. જેને લઇને જરૂરીયાતમંદ વસ્તી પીવાના પાણીના લાભથી વંચિત રહે છે. જે બીલકુલ યોગ્ય નથી.

આથી આદેશ કરવામાં આવે છે કે, દરેક જીલ્લાની વીલેજ ઇન્વેન્ટરીની ફેર ચકાસણી કરી ગામ / ફળીયામાં જરૂરીયાત મુજબના ખુટતા હેન્ડપંપ તથા મીની પાઇપ યોજના કરવી અને જે ગામ / ફળીયાને સ્વતંત્ર પાઇપ યોજના કે જુથ યોજનામાંથી પીવાના પાણીનો લાભ આપવામાં આવતો હોય તેવા ગામ / ફળીયામાં કામગીરી બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે અને કામોના એલોટમેન્ટ વખતે ગામ/ સંખ્યા નકકી કરવાની જવાબદારી કાર્યપાલક ઇજનેરશ્રી તથા અધિક્ષક ઇજનેરશ્રીની રહેશે. જે બાબતે ઉપરોકત ચકાસણી કર્યા બાદ જ જરૂરી મંજુરીઓ આપવાની રહેશે. ભવિષ્યમાં આ મુજબની કામગીરીની જાણ થશે તો તેની જવાબદારી સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી તથા અધિક્ષક ઇજનેરશ્રીની રહેશે.

સદરહુ આદેશનો અમલ તાત્કાલીક ધોરણે હાથ ધરવાનો રહેશે.

( એન. એમ. પટેલ )
મુખ્ય ઇજનેર.

\\zone1server\g$\HMM BACKUP\2013\GENERAL\Circular SE Mech HP & Mini.doc

9/10/13

239

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ,
વડોદરા.

- નકલ સાદર રવાના પ્રતિ, મા.સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ સાદર રવાના પ્રતિ, મુખ્ય ઈજનેરશ્રી,મોની. પ્લા. બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ સાદર રવાના પ્રતિ, મુખ્ય ઈજનેરશ્રી, યાંત્રિક,બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ રવાના પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી,ટેકનીકલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- નકલ રવાના પ્રતિ, અધિક્ષક ઈજનેરશ્રી, જા.આ.વર્તુળ,વડોદરા, સુરત, વલસાડ, ગોધરા, તરફ જાણ સારૂં.
- નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ વડોદરા, સુરત, વલસાડ, ગોધરા, દાહોદ યુનિટ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે
- નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ .... (સર્વે) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- નકલ રવાના પ્રતિ, શ્રી ........... ના.કા.ઈશ્રી, (સીવીલ/યાંત્રિક) (સર્વે), ઝોન-૧, વડોદરા તરફ જાણ સારું.
- નકલ માસ્ટર ફાઈલ.

\\zone1server\g$\HMM BACKUP\2013\GENERAL\Circular SE Mech HP & Mini.doc